# ...અને ડૉ. કલામે અરૂણભાઈ બુચની પીઠ થાબડી કહ્યું ''થકના મત...''

## ગાંધીનગરની મુલાકાતે બે વાર આવેલા તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામ ગાંધીનગરમાં ચાલતી પક્ષી પરબની પ્રવૃત્તિઓ જાણી ખુબ પ્રભાવિત થયા હતા

ગાંધીનગર, તા. ૩૦

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામ મહાન વૈજ્ઞાનિક હતા તેમાં શંકાને કોઈ સ્થાન ન હોઈ શકે. પરંતુ તેઓ ખુબ ઉમદા હૃદય ધરાવતા માનવી હતા. તેઓને પ્રાણીઓ-પક્ષીઓ માટે ખુબ પ્રેમ હતો. તેઓ રાષ્ટ્રપતિ હતા ત્યારે બે વખત ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. તેઓ અહીં ચાલતી પક્ષી પરબની સેવા અંગે જાણી ખુબ પ્રભાવિત થયા હતા અને આ પ્રવૃત્તિ ચલાવતા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ બુચને ખાસ મળવા બોલાવી તેમની પીઠ થાબડી હતી અને કહ્યુ હતુ ''થકના મત'' તમે જે કામ કરો છો તેને સતત કરતા રહેજો.



મિસાઈલમેન ડૉ. કલામ અત્યંત સંવેદનશીલ હતા અને પ્રાણીઓ પક્ષીઓ માટે ખુબ પ્રેમ અને દયાભાવ રાખતા હતા. ૧૯૮૨માં ડીઆરડીઓના અધ્યક્ષ તરીકે તેમની નિમણૂંક થઈ ત્યારે સલામતી માટે ડીઆરડીઓની દિવાલ ફરતે કાચના ટુકડા લગાવવાની દરખાસ્તનો અમલ ડૉ. કલામે થવા દીધો ન હતો. કારણ કે તે દિવાલ પર નિયમિત રીતે પક્ષીઓ આવીને બેસતા હતા અને જો તેના પર કાચ લગાવવામાં આવે તો પક્ષીઓને ઈજા થવાનો ભય રહે છે. આવા સંવેદનશીલ હૃદયવાળા ડૉ. કલામ કોઈપણ સ્થળે મુલાકાત માટે જતાં ત્યારે તે સ્થળે ચાલતી સામાજીક અને પ્રકૃતિને બચાવવાની પ્રવૃત્તિઓ અંગે અચુક જાણકારી મેળવતા હતા. તેઓ રાષ્ટ્રપતિ હતા ત્યારે ૨૦૦૨માં ગુજરાત આવ્યા હતા. તે વખતે ગાંધીનગરમાં તત્કાલિન રાજયપાલ શ્રી સુંદરસિંહ ભંડારી પાસેથી પાટનગરમાં ચાલતી પક્ષી પરબની પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવી હતી અને આ પ્રવૃત્તિ

● અનુસંધાન પાના - ૭ પર

# બે વર્ષમાં માત્ર ૬ ગામોમાં જ ૧૦૦ ટકા શૌચાલય ધરાવતા થયા

## પંચાયત અને ગ્રામજનોના ઉદાસીન વલણ સામે તંત્ર લાચાર

ગાંધીનગર, તા.૩૦

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માત્ર ૬ ગામોમાં જ સો ટકા ઘરોમાં શૌચાલય બનાવવામાં તત્રને સફળતા મળી છે. જો કે આ અભિયાનમાં ગ્રામ પંચાયતોના અને લોકોના ઉદાસીનવલણ વધુને વધુ બહાર આવીરહ્યા છે.

મળતી આધારભુત માહિતી પ્રમાણે ૭૦ જેટલા ગામો ઓએવા છે જેમાં ૧૦૦ કે તેથી ઓછા શૌચાલયો બનાવવાના બાકી છે. તંત્ર એ આ માટે અદઈકારીઓને તેમની ફરજો ઉપરાંતની વારાની જવાબદારીસોંપી છે પરંતુ સામે પક્ષે પંચાયતો અનેલોકોની ઉદાસીનતા જ જવાબદાર રહી છે.

જિલ્લામાં આ અગાઉ ૩૭ ગામો જે નિર્મળ બન્યા હતા તે ૃગમોનો પણ જો સમાવેશ રીએતો માત્ર ૪૩ ગામો એવા થાય જયાં ૧૦૦ ટકા ઘરોમાં શોચાલયની સુવિધા છે.

ગ્રામ્ય વિસ્તારમાં શૌચાલય અંગે જાગૃતિ આવે તે માટે સરકારે સ્તાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવારના ઘરે શૌચાલયની સુવિદા હોવી જોઈએ તે વાત ફરજીયાત કરી છે. આ માટે તંત્ર દ્વારા અભયાનના રૂપે આખો કાર્યક્રમ હાત ધરવામાં આવેલ છે પરંતુ ઉદાસીનતાને લઈતંત્રન નબળી ૃકમગીરીને કેટેગરીમાં સ્થાન મળી રહ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં ડબલ શોષખાડા બનાવા જોઈએ તેવી માંગ તીવ્ર બનીરહી છે અને તેથી તંત્ર પણ મુંઝવણન સામનો કરી રહેલ ચે. કાયંક જમીના પ્રશ્નો છે તો ગટરનીસુવિધાનાપ્શઅનો છ. જો કે તંત્ દવારા આગામી દિવસોમાં આ અભિયાન પુનઃ હાથ ધરવામાં આવેતેવી શકયતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦૦ ટકા શૌચાલયની સુવિધા ધરાવી પંચાયતોનું સન્માનમહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી દરમિયાન વિચારવામાં આવ્યું છે. સમગ્રજિલ્લાનેઆમ તો ૨૦૧૭સુધીમાં નિર્મળ બનાવવાનોલક્ષ્યાંક રાકવામાં આવ્યો હતો પરંતુ તેમાં પીછેહ થઈ રહી હોવાતીતંત્રમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

# ખૂણે ખાંચરેથી...

- સેકટર-૨૩ના બ્લોક નં.૧૭/૨ માં શોર્ટસર્કિટનો બનાવ બન્યો હતો. આ મકાનમાં રહેતા શ્રી ડી.આર. પરમારના કહેવા પ્રમાણે મકાનમાં લીકેજીસને કારણે આવી ઘટનાઓ બને છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે આજે ૧ ઓગષ્થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન મહિલા સાશકિતાકરણ પખવાડિયાની ઉજવણી માટે મહિલા અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના દસ મેડીકલ ઓફિસરોને પાલનપુર ખાતે ખાસ ફરજ પર મુકવામાં આવ્યા છે. આ તબીબો હાલ ડીસામાં ફરજો બજાવી રહ્યાં છે.
- ગાંધીનગર શહેરમાં પડેલા વૃક્ષોને હટાવવા માટે આરએન્ડબી, કોર્પોરેશન અને વન વિભાગની ટીમો કામે લાગી છે.
- સંત સરોવરમાંથી આજે પણ એક લાખ ૧૦ હજાર ક્યુસેકથી વધુનો જળ પ્રવાહ વહી રહ્યો છે.
- પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ વિદેશમંત્રી માધવસિંહ સોલંકીએ આજે તેમનો જન્મ દિવસ સાદગીથી ઉજવ્યો હતો.


- પ્રકાશભાઈ જહા
9099951571


# રાંધેજા સુંદરધામ ખાતે સુંદરકાંડ પાઠ

ગુરૂપૂર્ણિમા પર્વ નિમિત્તે ગાંધીનગર-માણસા હાઈવે ફાટક પાસે રાંધેજા સુંદરધામ ખાતે સવારે ૯.૦૦ વાગે ગુરૂપૂજન અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન સુંદરકાંડ પાઠ યોજાશે. સુંદરકાંડ પાઠ યુવા કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે.

# સેક્ટર-૧૩ લિમ્બચધામ ખાતે મહાઆરતી

સેકટર-૧૩માં આવેલ લિમ્બચધામ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે મહાઆરતી યોજાશે. પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા લિમ્બચમાતાજીની મહાઆરતી કરવામાં આવશે. સાંજે ૩.૪૫ કલાકે મહાઆરતી યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં જ્ઞાતિજનોને હાજર રહેવા જણાવાયું છે.

# રવિવારે ગતિશીલ ગુજરાતની ગાથાને રજૂ કરતી કૉફી ટેબલ બુક 'આગેકદમ ગુજરાત'નું વિમોચન કરાશે

## પ્રખર સાહિત્યકાર ગુણવંતભાઈ શાહના હસ્તે વિમોચન કરાશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે : અંગ્રેજી સંસ્કરણ ગુજરાત માર્ચિંગ અહેડનું પણ વિમોચન કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગતિશીલ ગુજરાતના આર્ષદષ્ટા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ વિકાસની વાટે શીઘ્રગતિએ આગળ વધતા રાજ્યની ગાથાને એક અભિનવ દષ્ટિકોણ સાથે રજૂ કરતી કોફીટેબલ બુક અંગ્રેજીમાં ''ગુજરાત માર્ચિંગ અહેડ'' અને તેના ગુજરાતી સંસ્કરણ ''આગેકદમ ગુજરાત''નું વિમોચન કરવામાં આવનાર છે. આ વિમોચન પ્રખર ગુજરાતી સાહિત્યકાર ગુણવંતભાઈ શાહના હસ્તે તા. ૨જી ઓગષ્ટ રવિવારે સાંજે ૫ કલાકે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે કરવામાં આવશે.

આગેકદમ ગુજરાતના વિમોચન પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલની વિશેષ ઉપસ્થિત રહશે. આ ઉપરાંત સમાજમાં વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરેલ મહિલાઓ પણ ઉપસ્થિત રહેશે. મહિલાઓમાં આંગણવાડી એવોર્ડ વિજેતા કાર્યકર ભારતીબેન ભિલોયા, ઓર્ગેનિક ફાર્મર મીનાબેન પટેલ, આદિવાસી મહિલા વજીબેન નિનામા, માછીમાર ગૌરીબેન ટંડેલ, પ્રગતિશીલ ખેડૂત કમળાબેન રાઠવા, એવોર્ડ વિજેતા નર્સ જયશ્રીબેન ચાવડાનો સમાવેશ કરાયો છે. વન પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત રસિલાબેન વાઢેર, રમત-ગમત ક્ષેત્ર માના પટેલ, એપીએમસી સભ્ય નંદુબેન વાઘેલા, ભરતકામ કલાક્ષેત્રે પુરીબેન આહિર, એરફોર્સના સ્નેહલ શેખાવત તેમજ પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા હંસાબા ચાવડાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ કોફીટેબલ બુક પુનાના અમેય ઈન્સપાયરીંગના ઉલ્હાસ લાટકર પ્રકાશિત કરી રહ્યાં છે.

# રાજપૂત સમાજે તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ વ્યક્તિઓને સન્માનિત કર્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ અને રાજપૂત સમાજ ગાંધીનગરનો તેજસ્વી તારલા અને વિશિષ્ટ વ્યક્તિઓનો સમારોહ યોજાયો હતો. સેક્ટર-૧૨, બાશ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન ખાતે યોજાયેલ સમારોહમાં અધ્યક્ષ તરીકે ડૉ. સી.જે. ચાવડા પૂર્વ ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા.

સમાજના તેજસ્વી યુવાનોને પ્રોત્સાહન મળી રહે તે માટે રાજપૂત સમાજ દ્વારા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં મહેન્દ્રસિંહ વાઘેલા ધારાસભ્ય, બાયડ, મહેન્દ્રસિંહ રાણા પૂર્વ મેયર, ડૉ. શંકરસિંહ રાણા, ડૉ. મહિપતસિંહ પરમાર, ડૉ. લેખરાજસિંહ,સુભેન્દ્રસિંહ ચાવડા, સૂર્યસિંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા બાદ સમાજના વિશિષ્ટ વ્યક્તિઓને નવાજયા હતા. સમારોહમાં અગ્રણીઓએ શિક્ષણને મહત્વ આપવા પર ભાર મુક્યો હતો. સ્પર્ધાત્મક સમયમાં શિક્ષણના સહારેજ સમંદરરૂપી જીવનને પાર કરી શકશો. રીત-રિવાજો, ઈર્ષા અને પક્ષાપક્ષીથી દૂર રહી સમાજને નવી દિશા દેખાડવાની વાત કરવામાં આવી હતી. સમગ્ર રાજપૂતોને એક થઈ આગળ વધવા હાંકલ કરી હતી.


